# ભાવનગરમાં યુવા કોંગ્રેસ દ્વારા 'યુથ જોડો, બૂથ જોડો' અભિયાનનો વિધિવત્ પ્રારંભ

## ડિજિટલ ઊઈ કોડ અને પ્રચાર પોસ્ટરનું લોન્ચિંગ; બૂથ સ્તર સુધી સંગઠન મજબૂત કરવા યુવાનોને આહવાન

ભાવનગર,તા.૨૨

ભાવનગર સર્કિટ હાઉસ ખાતે ભાવનગર શહેર અને જિલ્લા યુવા કોંગ્રેસ દ્વારા યુવા સંગઠનને બૂથ સ્તર સુધી સક્રિય કરવાના હેતુથી 'યુથ જોડો, બૂથ જોડો' અભિયાન લોન્ચ કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં અખિલ ભારતીય યુવા કોંગ્રેસના જોઈન્ટ સેક્રેટરી અને ગુજરાત યુથ કોંગ્રેસના સહ-પ્રભારી ચંદ્રકલા નાગોરી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોના હસ્તે અભિયાનના પોસ્ટર અને હાઈટેક ડિજિટલ ઊઈ કોડનું લોન્ચિંગ કરાયું હતું. આ ઊઈ કોડ સ્કેન કરીને શહેર અને ગ્રામ્યના યુવાનો સંગઠન સાથે સીધા જોડાઈ શકશે. પ્રભારી ચંદ્રકલા નાગોરી અને વરિષ્ઠ આગેવાનોએ જણાવ્યું હતું કે, બેરોજગારી, પેપર લીક અને મોંઘવારી સામે યુવાનોને સંગઠિત કરી બૂથ સ્તર સુધી અન્યાય સામે અવાજ ઉઠાવવામાં આવશે.આ પ્રસંગે પ્રવિણભાઈ રાઠોડ, સંદિપસિંહ ગોહિલ, બળદેવભાઈ સોલંકી, દિવ્યેશભાઈ ચાવડા, શિવાભાઈ ડાભી, શહેર યુવા પ્રમુખ અમરદીપસિંહ જાડેજા તથા જિલ્લા યુવા પ્રમુખ અર્ષમાનખાન જે. બલોચ સહિત હોદ્દેદારો અને મોટી સંખ્યામાં યુવા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# સેવા સંકલ્પ અભિયાનઃ ભાવનગર જિલ્લા પોલીસ દ્વારા ઉત્સાહભેર સ્વચ્છતા અભિયાન યોજાયું







## ૭૫થી વધુ પોલીસ અધિકારીઓ અને ૬૦૦થી વધુ પોલીસકર્મીઓએ જાહેર સ્થળો તથા દરિયાકિનારે સાફ-સફાઈ કરી 'સ્વચ્છ અને સુરક્ષિત ભાવનગર'નો આપ્યો સંદેશ

ભાવનગર,તા.૨૨

ભાવનગર રેન્જ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્ર વી. અસારી તથા પોલીસ અધિક્ષક નિતેશ પાંડેયની સૂચના મુજબ અને નોડલ અધિકારી તરીકે નિમાયેલા એ.એસ.પી. ઘનશ્યામ ગૌતમના માર્ગદર્શન હેઠળ ભાવનગર જિલ્લા પોલીસ દ્વારા "સેવા સંકલ્પ અભિયાન–૨૦૨૬" અંતર્ગત સમગ્ર જિલ્લામાં વિશેષ સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાન અંતર્ગત નિલમબાગ સર્કલ, સર ટી. હોસ્પિટલ, શિવાજી સર્કલ, ગંગાજળીયા તળાવ, માર્કેટીંગ યાર્ડ, કુંભારવાડા સર્કલ, જવાહર મેદાન સહિતના જાહેર સ્થળો તેમજ નિષ્કલંક મહાદેવ, ગોપનાથ અને અલંગ-સોસીયાના દરિયા કાંઠા વિસ્તારો અને તમામ પોલીસ કચેરીઓ ખાતે સાફ-સફાઈ કામગીરી કરવામાં આવી હતી. આ જનસેવા અને સામાજિક જવાબદારીના મહાયજ્ઞમાં ભાવનગર જિલ્લા પોલીસના ૭૫થી વધુ અધિકારીઓ, ૬૦૦થી વધુ પોલીસકર્મીઓ તથા ૩૦થી વધુ પોલીસ સ્ટેશનો, શાખાઓ અને યુનિટ્સે સક્રિય ભાગ લીધો હતો.

આ પહેલનો મુખ્ય હેતુ માત્ર સ્વચ્છતા જાળવવાનો નથી, પરંતુ પોલીસ અને પ્રજા વચ્ચેના સંબંધોને વધુ સુદ્રઢ બનાવવાનો, નાગરિકોમાં સ્વચ્છતા પ્રત્યે જવાબદારીની ભાવના કેળવવાનો અને જનસહભાગિતા વધારવાનો છે. આ પ્રસંગે ભાવનગર જિલ્લા પોલીસે નાગરિકોને પોતાના આસપાસના વિસ્તારનેસ્વચ્છ રાખવા અને જાહેર સ્થળોએ કચરો ન ફેંકવા અપીલ કરતાં "સ્વચ્છ ભાવનગર – સુરક્ષિત અને સ્વસ્થ ભાવનગર"ના ધ્યેય સાથે પોતાની સામાજિક જવાબદારી અસરકારક રીતે નિભાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

### કેન્દ્રીય રાજ્યમંત્રી બાંભણિયાના અધ્યક્ષ સ્થાને 'રાષ્ટ્રીય વયોશ્રી યોજના' અંતર્ગત

# ગારીયાધાર ખાતે ૬૮૦ વયસ્ક લાભાર્થીને ૬૧ લાખથી વધુની કિંમતના ૩,૭૫૨ સહાયક સાધનોનું વિતરણ

## વડીલો સ્વાવલંબી અને આત્મનિર્ભર બને તે જ સરકારનો ધ્યેય : કેન્દ્રીય મંત્રી નિમુબેન

ભાવનગર,તા.૨૨

ભાવનગર જિલ્લાના ગારીયાધાર તાલુકાની એમ.ડી. પટેલ હાઈસ્કૂલ ખાતે ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા ભારતીય

આભાર - નિહારીકા રવિયા કૃત્રિમ અંગ નિર્માણ નિગમ (એલિમ્કો) ના સહયોગથી 'રાષ્ટ્રીય વયોશ્રી યોજના' હેઠળ એક વિશાળ નિઃશુલ્ક સાધન સહાય વિતરણ કેમ્પ યોજાયો હતો. કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયના રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયાની પ્રેરક ઉપસ્થિતિમાં આયોજિત આ કાર્યક્રમમાં ગારીયાધાર તાલુકાના ૬૮૦ વયોવૃદ્ધ લાભાર્થીઓને ?૬૧ લાખથી વધુની કિંમતના ૩,૭૫૨ જેટલા નિઃશુલ્ક સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કેન્દ્રીય રાજ્યમંત્રીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના કુશળ નેતૃત્વમાં 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ'ના મંત્રને સાર્થક કરતી અનેક જન કલ્યાણકારી યોજનાઓ ધરાતલ પર ઉતરી છે અને દેશના છેવાડાના માનવી સુધી તેનો લાભ પહોંચી રહ્યો છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે આર્થિક તંગીનો સામનો કરતા પરિવારના વડીલો વૃદ્ધાવસ્થામાં સહાયરૂપ ઉપકરણો ખરીદી શકતા નથી કે સંતાનો પાસે માગણી પણ કરી શકતા નથી, તેવા સમયે રાષ્ટ્રીય વયોશ્રી યોજના તેમનો મોટો આધાર બને છે.

નિઃશુલ્ક સાધન સહાયથી વડીલોની મુશ્કેલીઓમાં રાહત મળે છે અને તેઓ સ્વાવલંબી તથા આત્મનિર્ભર બની સરળ જીવન જીવી શકે છે. મંત્રીએ માહિતી આપતાં જણાવ્યું કે આ યોજના અંતર્ગત લાભાર્થીઓની પસંદગી માટે ૩૦ જૂન ૨૦૨૫ થી ૧૬ જુલાઈ ૨૦૨૫ દરમિયાન યોજાયેલી શિબિરો દ્વારા ભાવનગર જિલ્લામાં કુલ ૮,૦૯૧ વયોવૃદ્ધ લાભાર્થીઓની પસંદગી કરવામાં આવી છે અને આશરે ?૭.૬૬ કરોડના સહાયક ઉપકરણોને સ્વીકૃતિ આપવામાં આવી છે. આ તકે અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયાએ વયોવૃદ્ધ નાગરિકોની જરૂરિયાતો સમજી માત્ર જિલ્લા કક્ષાએ જ નહીં પરંતુ તાલુકા કક્ષાએ આ પ્રકારે કેમ્પ યોજી લાભાર્થીઓને ઘરેબેઠાં લાભ પહોંચાડવા બદલ કેન્દ્રીય રાજ્યમંત્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ વિતરણ કેમ્પમાં વરિષ્ઠ નાગરિકોને જરૂરિયાત મુજબ સામાન્ય અને કોમોડ વ્હીલચેર ૧૧૩, સામાન્ય, ટ્રાયપોડ અને ક્વાડ્રિપોડ ચાલવાની લાકડીઓ ૪૯૭, શ્રવણયંત્રો ૫૪૩, કૃત્રિમ દાંતના સેટ (બત્રીસી) ૮૫, કમરના પટ્ટા ૫૩૮, ઘૂંટણના બ્રેસ ૧,૨૧૮, ખભાના બ્રેસ ૩૧, વોકર્સ ૧૦૮, સીટ કુશન ૩૪૧, કોમોડ સ્ટૂલ ૨૩૨, ક્ચ (બગલઘોડી) ૪ તથા બેઠક ધરાવતી ચાલવાની લાકડીઓ ૪૨ સહિત કુલ ૩,૭૫૨ સાધનો આપવામાં આવ્યા હતા. આ સમારોહમાં જિલ્લા પંચાયત ઉપપ્રમુખ




સુજાન સિંહ, નાયબ કલેકટર પાર્થ મિશ્રા, પૂર્વ ધારાસભ્ય કેશુભાઈ નાકરાણી, તાલુકા પંચાયત પ્રમુખ તુલસીભાઈ ડોંડા, ગારીયાધાર નગરપાલિકા પ્રમુખ મીનાબેન બારૈયા, એલિમ્કોના ઝોનલ હેડ રમેશચંદ્ર, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી સુરેશભાઈ ચૌધરી સહિત જિલ્લા-તાલુકાના પદાધિકારીઓ, અધિકારીઓ અને વિશાળ સંખ્યામાં વરિષ્ઠ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# માનભાઈ ભટ્ટ પ્રેરિત 'વડીલ વંદના' કાર્યક્રમમાં સેવાભાવી તબીબોનું થશે વિશેષ સન્માન

## વિદ્યાનિધિ ટ્રસ્ટના અધ્યક્ષ સ્વામીની સુલભાનંદાજીની અધ્યક્ષતામાં યોજાશે વૃદ્ધજન અભિવાદન સમારોહ

ભાવનગર,તા.૨૨

વર્ષ ૧૯૬૯માં વૃદ્ધાશ્રમની સ્થાપના કરનાર માનભાઈ ભટ્ટ દ્વારા ૩૫ વર્ષ પહેલાં શરૂ કરાયેલ પરંપરા મુજબ ભાવનગરમાં આગામી ૩૧ ઓક્ટોબરે 'વડીલ વંદના' અને વૃદ્ધજન અભિવાદન સમારોહ યોજાશે. વિદ્યાનિધિ ટ્રસ્ટના અધ્યક્ષ સ્વામીની શ્રી સુલભાનંદાજીની અધ્યક્ષતામાં યોજાનારા આ કાર્યક્રમમાં શહેરના જાણીતા સેવાભાવી તબીબો ડૉ. ધાનક, ડૉ. હંસાબહેન બક્ષી, ડૉ. માલતીબહેન મહેતા, ડૉ. નીલુભાઈ વૈષ્ણવ અને ડૉ. નરેન્દ્રભાઈ ઘોઘાવાળાનું વિશેષ અભિવાદન કરાશે.

આ પ્રસંગે અગાઉથી નામ નોંધાવનાર ૭૦ વર્ષથી વધુ વયના ૨૦૦ વડીલોને સ્મૃતિ ભેટ અને સહભોજન કરાવવામાં આવશે. નામ નોંધણી માટે કાર્યાલયનો સમય સવારે ૧૦ થી ૧૨ અને સાંજે ૫ થી ૭ નો રહેશે. વધુ માહિતી માટે અનિલભાઈ બોરીચા (મો. ૭૦૪૩૩૩૨૧૦૦)નો સંપર્ક કરવા જણાવાયું છે.

## ગ્યારવીહ શરીફ નિમિત્તે ઘોઘા દરિયા કિનારે ઉર્ષ શરીફની ઉજવણી કરાશે

ભાવનગર,તા.૨૨

ભાવનગર નજીક આવેલા ઘોઘાના દરિયા કિનારે દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ હઝરત સરકાર પીરાને પીર દસ્તગીર રદીની ગ્યારવીહ શરીફ નિમિત્તે છીલ્લા મુબારકે ત્રિ-દિવસીય ઉર્ષ શરીફની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક પ્રસંગે ૨૨ સપ્ટેમ્બરને મંગળવારે રાત્રે ઈશાની નમાઝ બાદ દરગાહ શરીફમાં કુરઆનખાની યોજાશે, જ્યારે ૨૩ સપ્ટેમ્બરને બુધવારે રાત્રે ઈશાની નમાઝ બાદ સંનદલ શરીફનું ઝુલુસ નીકળશે અને ત્યારબાદ રાત્રે ૧૦ કલાકે દરગાહ શરીફમાં સંનદલ શરીફ, ચાદર શરીફ, સલાતો સલામ તથા સામૂહિક દુઆઓ કરવામાં આવશે. તદુપરાંત ૨૪ સપ્ટેમ્બરને ગુરુવારે ઉર્ષ મેળો યોજાશે.

# જનરક્ષક ૧૧૨ની મદદથી ભુલા પડેલા મુકબધીર બાળકનું પરિવાર સાથે પુનઃ સુખદ મિલન

## જેસર અને બગદાણા પોલીસની ટીમે બાળકના હાથ પર ત્રોફાવેલા મોબાઈલ નંબરના આધારે માતા-પિતાને શોધી બાળકને સુરક્ષિત સોંપ્યો

ભાવનગર,તા.૨૨

જનરક્ષક ૧૧૨ ના નોડલ અધિકારી નાયબ પોલીસ અધિક્ષક આર.વી.ડામોરના માર્ગદર્શન હેઠળ જનરક્ષક ૧૧૨ ની વર્ધીના આધારે ભુલા પડેલા ૧૪ વર્ષના મુકબધીર બાળકને તેના પરિવાર સાથે મેળવી આપવાની સરાહનીય કામગીરી કરવામાં આવી છે.

ઘટનાની વિગત મુજબ તા.૨૦/૦૯/૨૦૨૬ ના રોજ જેસર પોલીસ સ્ટેશન જનરક્ષક ૧૧૨ પી.સી.આર. માં કળમોદર ગામે એક મુકબધીર બાળક વાલીવારસથી વિખુટો પડી ગયો હોવાનો કોલ મળતા જ પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચી બાળકના ઈશારાઓ સમજીને તે બગદાણા દર્શન કરવા આવ્યો હોવાનું જાણ્યું હતું. ત્યારબાદ પોલીસે બાળકને બગદાણા પોલીસ સ્ટેશન ખાતે લઈ જઈ ઈશારાઓથી વાતચીત કરતાં તેના હાથ પર ત્રાફેલો મોબાઈલ નંબર મળી આવ્યો હતો, જેની પર સંપર્ક કરી બાળકના માતા રંજનબેન તથા પિતા મુકેશભાઈ ગોબરભાઈ ચુડાસમા (રહે. હાલ ૨૫ વારીયા, કુંભરવાડા, ભાવનગર)ને બગદાણા પોલીસ સ્ટેશન ખાતે બોલાવી ૧૪ વર્ષના મુકબધીર બાળક મનીષ ચુડાસમાને સુરક્ષિત રીતે સોંપવામાં આવ્યો હતો.

આ સફળ કામગીરી જેસર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એચ.જી.કટારીયા, પો.કોન્સ. નરેન્દ્રસિંહ રાણા, ¤ પો.કોન્સ. વિજયભાઈ મકવાણા, જનરક્ષક-૧૧૨ પાયલોટ હરેશભાઈ રાઠોડ તેમજ બગદાણા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર કે.કે.રાઠોડ, હેડ.કોન્સ. મનજીભાઈ કાપડીયા અને પો.કોન્સ. ચંપુભાઈ કામળીયાની ટીમ દ્વારા કરવામાં આવી હતી, જે બદલ બાળકના માતા-પિતાએ પોલીસની તાત્કાલિક મદદ માટે આભાર વ્યક્ત કર્યો હતો.

# ૧૧૦ સ્કૂલોના ૭ હજારથી વધુ વિદ્યાર્થીઓની સહભાગીતા સાથે ચિન્મય ગીતાગાન સ્પર્ધાનો પ્રિલિમિનરી રાઉન્ડ સંપન્ન

ભાવનગર,તા.૨૨

ભાવનગર ખાતે સ્વામી સમાત્માનંદ સરસ્વતીજીના પ્રેરણાદાયી માર્ગદર્શન હેઠળ યોજાયેલી "ચિન્મય ગીતાગાન સ્પર્ધા"નો સ્કૂલ લેવલનો પ્રિલિમિનરી રાઉન્ડ સફળતાપૂર્વક સંપન્ન થયો છે.



ગત ૧૭ ઓગસ્ટથી શરૂ થઈને ૧૨ સપ્ટેમ્બર સુધી ચાલેલી આ સ્પર્ધામાં જજ ટીમ અને આયોજક ટીમના શ્રેષ્ઠ ટીમવર્કથી સમગ્ર આયોજન નિર્વિઘ્ને પૂર્ણ થયું હતું. આ સ્પર્ધામાં ભાવનગર શહેરની પ્રાઈવેટ સ્કૂલોના આશરે ૫,૦૦૦ અને ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની શાળાઓના ૨,૦૦૦ મળીને કુલ ૧૧૦ સ્કૂલોના ૭,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો, જે માટે સંબંધિત સ્કૂલોમાં જ કુલ ૧૩૦ રાઉન્ડ્સનું સુંદર આયોજન કરાયું હતું. આ ભવ્ય કાર્યક્રમને સફળ બનાવવામાં વિવિધ સ્કૂલોના ટ્રસ્ટીઓ, આચાર્યઓ, શિક્ષકો, કો-ઓર્ડિનેટર્સ તેમજ ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન શિક્ષણ વિભાગના ચેરમેન, શિક્ષણ અધિકારી અને ચિન્મય મિશન 'ભાવાશ્રમ'ના કાર્યકર્તાઓનો સરાહનીય સહકાર સાંપડ્યો હતો. પ્રિલિમિનરી રાઉન્ડના સફળ આયોજન બાદ હવે આગળના તમામ કાર્યક્રમો 'ભાવાશ્રમ' ખાતે જ યોજાશે, જેમાં આગામી ૨૭ સપ્ટેમ્બરે રવિવારે ફાઈનલ સ્પર્ધા, ૨ ઓક્ટોબર શુક્રવારે સ્જીમ્ સ્કૂલના બાળકો માટે એવોર્ડ સેરેમની તથા ૩ ઓક્ટોબર શનિવારે પ્રાઈવેટ સ્કૂલના બાળકો માટે ભવ્ય એવોર્ડ સેરેમની યોજાશે.

## ૨૭ સપ્ટેમ્બરથી 'ભાવાશ્રમ' ખાતે ફાઈનલ સ્પર્ધા યોજાશે; ૨ અને ૩ ઓક્ટોબરે ભવ્ય એવોર્ડ સેરેમનીનું આયોજન

## લાખણકા ડેમ પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીના જન્મદિવસની પ્રેરક ઉજવણી

ભાવનગર,તા.૨૨

ભાવનગર નજીકની લાખણકા ડેમ પ્રાથમિક શાળામાં બાળકના જન્મદિવસની અનોખી અને પ્રેરણાદાયી ઉજવણી કરવામાં આવી હતી. દર્શકભાઈ સુરેશભાઈ ગોસ્વામીના પુત્રના જન્મદિવસ નિમિત્તે શાળાના આચાર્ય જ્યોતિનભાઈ પંડ્યાના માર્ગદર્શન હેઠળ વિશેષ કાર્યક્રમ યોજાયો હતો.જેમાં કેક કટિંગ જેવા બિનજરૂરી ખર્ચ ટાળીને શાળાના બાળકોને શૈક્ષણિક અને સંસ્કારવર્ધક ઉપયોગી થાય તેવી નોટબુક, ભગવદ્ ગીતા, બોલપેન તથા દેશી હિસાબનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેક કટિંગને બદલે આવી રીતે સમાજ અને બાળકોને ઉપયોગી થાય તેવી રીતે જન્મદિવસની ઉજવણી કરવા માટેનો સુંદર અને સરાહનીય સંદેશો આપવામાં આવ્યો હતો.

# હરિદ્વારની ભૂમિ પર લાખણોત્રા પરિવાર દ્વારા ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો પ્રારંભ







## રાજુલાથી ૧૫૦ શ્રદ્ધાળુઓ સાથે ૨ લક્ઝરી બસ હરિદ્વાર પહોંચી; ભવ્ય પોથીયાત્રા તથા સામૈયા સાથે કથાનો પ્રારંભ

ભાવનગર,તા.૨૨

રાજુલા તાલુકાના કાગવદર ગામના નાઘેરા આહિર સમાજના અગ્રણી આતાભાઈ વાઘના પરિવારમાં ધર્મેશભાઈ નાથાભાઈ લાખણોત્રા દ્વારા સ્વ. ભીમાભાઈ માણસુરભાઈ વાઘ (ખાંભલીયા) તેમજ સમસ્ત પિતૃઓના મોક્ષાર્થે હરિદ્વાર ખાતે માં ગંગાના સાનિધ્યમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ કથાના મુખ્ય યજમાન સોનાબેન નાથાભાઈ લાખણોત્રા તથા ધર્મેશભાઈ લાખણોત્રા છે, જ્યારે સામતભાઈ, ભૂપતભાઈ, નાથાભાઈ વાઘ સહિત સમસ્ત પરિવારે પિતૃમોક્ષાર્થે આ ધર્મકાર્ય ઉપાડ્યું છે.તારીખ ૨૦/૯/૨૦૨૬ના રોજ વાજતે-ગાજતે બેન્ડ-વાજા અને રથ સાથે ભવ્ય પોથીયાત્રા તથા સામૈયા કરીને દીપપ્રાગટ્ય સાથે કથાનો પ્રારંભ થયો હતો. આ પ્રસંગે રાજુલા તેમજ આસપાસના વિસ્તારોમાંથી આશરે ૧૫૦ જેટલા શ્રદ્ધાળુઓને ૨ લક્ઝરી બસો મારફતે ૧૭૦૦ કિ.મી. સુધીના માર્ગમાં આવતા ધાર્મિક સ્થાનોના દર્શન કરાવતા હરિદ્વાર સ્થિત 'ભૂપત વાળા મા નિજતમપ્રેમ ધામ આશ્રમ' ખાતે પહોંચાડવામાં આવ્યા છે. આંતરરાષ્ટ્રીય કથાકાર સાગરભાઈ શાસ્ત્રીજી સુંદર ગામઠી શૈલીમાં શ્લોકો અને નામસંકિર્તન સાથે રોજ સવારે ૯ થી બપોરે ૧ વાગ્યા સુધી કથાનું અમૃતપાન કરાવી રહ્યા છે. શ્રદ્ધાળુઓ માટે રહેવા-જમવા અને મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે.

# ખોડીદાસ પરમાર આર્ટ ફાઉન્ડેશન દ્વારા ચિત્ર અને ફોટોગ્રાફી સ્પર્ધાનો યોજાયો ઈનામ વિતરણ સમારોહ

ભાવનગર,તા.૨૨

ખોડીદાસ પરમાર આર્ટ ફાઉન્ડેશન દ્વારા આયોજિત 'શ્રી ખોડીદાસ પરમાર ચિત્ર પ્રદર્શન-સ્પર્ધા' તેમજ 'રસિકભાઈ હેમાણી ફોટોગ્રાફી સ્પર્ધા-૨૦૨૬' અંતર્ગત ભવ્ય ઈનામ વિતરણ સમારોહ યોજાયો હતો. ભાવનગર જિલ્લા કલેક્ટર ડૉ. મનિષભાઈ બંસલ, ડીવાયએસપી મનિષભાઈ ઠાકર, ફર્ટિલિટી નિષ્ણાત ડૉ. અલ્પાબેન ચાવડા તેમજ શેઠ કન્સ્ટ્રક્શનના ગિરીશભાઈ શેઠની ખાસ ઉપસ્થિતિમાં ઓપન ગુજરાત તેમજ સ્થાનિક કક્ષાના વિજેતા કલાકારોને કુલ રૂ.૧,૦૫,૦૦૦ ના રોકડ પુરસ્કારો અને પ્રમાણપત્રો એનાયત કરાયા હતા.




આ સ્પર્ધામાં ચિત્રકલા 'અ' વિભાગ (૧૦ થી ૧૮ વર્ષ)માં ત્રેયા ગજ્જર, વંશિકા રાવલ, વ્યાના વાકાણી, યુગ્મ પંડ્યા, અર્શ જેઠવા, દૃષ્ટિ વાઘેલા, ધ્રૂવી પરમાર, આશવી કોઠારી, પ્રાહિલ મકવાણા, જીયા સંઘવી, વલ્લભી માલવિયા અને વિદિશા ખાટસુરિયાને પ્રત્યેકને ૨,૦૦૦નો પુરસ્કાર મળ્યો હતો. ચિત્રકલા 'બ' (ઓપન ગુજરાત) વિભાગમાં પૂજન પંચાલ, ધારા ખંભાયતા અને રાકેશ ઉજ્જૈનિયાને ૭,૦૦૦ જ્યારે સ્થાનિક કલાકાર વિભાગમાં બિલ્વા જાની, તુષા વાઘેલા, શીતલ સરવૈયા, અજયભાઈ ચૌહાણ અને ભાવી બારભાયાને ૩,૦૦૦ એનાયત કરાયા હતા. આ ઉપરાંત, સ્થાનિક ખાસ ઈનામ શ્રેણીમાં કલ્પનાબેન ચાવડા, હર્ષદ રાઠોડ, અંજલી મહેતા, ક્રિષ્ના રાઠોડ અને હેતાબેન અંધારિયાને ?૧,૦૦૦ તથા ઓટીઝમ દિવ્યાંગ બાળકો વિભાગમાં સોહમ જીવાણી, રાજ, હિમાંશુ અને રમીજબાનને ૫૦૦નો પુરસ્કાર મળ્યો હતો. રસિક હેમાણી ફોટોગ્રાફી સ્પર્ધામાં ('વર્ષાઋતુ' વિષય) ઓપન ગુજરાત વિભાગ હેઠળ વિનય પટેલ, જોન મેકવાન અને મંદાર ત્રિવેદીને ૭,૦૦૦ તેમજ સ્થાનિક કલાકાર વિભાગમાં અનિરૂદ્ધભાઈ ડાભી, ભાર્ગવ ગુજરાતી, રેશ્મા શાહ, રાજન મકવાણા અને જયદીપ ઠાકરને ૩,૦૦૦ એનાયત કરવામાં આવ્યા હતા.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

# મુખ્યમંત્રી સંભવત શુક્રવારે ભાવનગરની મુલાકાતે

## નવી કલેક્ટર કચેરીના લોકાર્પણ અને ખાતમુહૂર્તના કાર્યક્રમો અંગે ગોઠવાતો તખ્તો



બાવનગર,તા.૨૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આગામી તા. ૨૫મી સપ્ટેમ્બરને શુક્રવારે ભાવનગરની સંભવિત મુલાકાતે આવી રહ્યા છે, જેને પગલે તંત્ર દ્વારા પૂર્વ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ પ્રવાસ દરમિયાન વિદ્યાનગર ખાતે નવનિર્મિત કલેક્ટર કચેરીનું મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવશે ઉપરાંત મહાપાલિકાના વિકાસ કાર્યોનું પણ લોકાર્પણ ખાતમુહુર્ત મુખ્યમંત્રીના હસ્તે થશે.

આગામી કાર્યક્રમ સંદર્ભે મહાનગરપાલિકા ખાતે મેયરના અધ્યક્ષ સ્થાને કમિશનર, કલેક્ટર તેમજ અન્ય ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓની એક અગત્યની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સીએમના પ્રવાસના આયોજન અંગે વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. કલેક્ટર કચેરીના ઉદ્ઘાટન ઉપરાંત શહેરના અન્ય વિકાસકામોના લોકાર્પણ અને ખાતમુહૂર્તના કાર્યક્રમો ગોઠવવા અંગે પણ અધિકારીઓ દ્વારા રૂપરેખા તૈયાર કરવામાં આવી રહી છે. સીએમના આગમનને લઈને ભાવનગર તંત્રવાહકોમાં ભારે દોડધામ જોવા મળી રહી છે. જોકે, મુલાકાત સંદર્ભે હજુ સતાવાર કાર્યક્મ જાહેર થયો નથી.

# દાદા સાહેબ દેરાસરનો દિવ્ય નજારો...



દિવ્યતા રોશની કે લાઈટ ડેકોરેશનની મોહતાજ નથી એ બાબતને યથાર્થ સાબિત કરતા હોય એમ દાદા સાહેબ દેરાસરને કેન્દ્રમાં રાખી સંધ્યાના રંગો નિખરી ઉઠ્યા હતા તો શ્વેત શાંતિ ઓઢીને ઊભેલું દેરાસર અને ભક્તિની અલૌકિકતાથી દિવ્ય માહોલ ઉભરાયો હતો. ફોટો : - જયદીપ એ. દવે.

# સિહોરના સખવદર ગામે યુવક પર ચાર શખ્સોએ કર્યો જીવલેણ હુમલો

## બજારમાં દેકારો કરવાની ના પાડતા ગંભીર ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી

ભાવનગર,તા.૨૨

ભાવનગર જિલ્લાના શિહોર તાલુકાના સખવદર ગામે કનાડ રોડ પર ઘર પાસે બજારમાં મોટેથી અવાજ કરી દેકારો કરવાની ના પાડવાની અદાવતમાં ચાર શખ્સોએ એક યુવક પર હુમલો કરી દીધો હોવાની ઘટના સામે આવી છે. આ હુમલામાં યુવકને ડાબી આંખના નેણ પાસે ગંભીર ઈજાઓ થતા તેને સારવાર અર્થે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ મામલે ભોગ બનનાર યુવકની ફરિયાદના આધારે પોલીસે ચાર શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બનાવ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, સખવદર ગામે કનાડ રોડ પર રહેતા વિજયભાઈ રાજુભાઈ ચાવડા (ઉં.વ. ૨૧) રવિવારે રાત્રિના સમયે પોતાના ઘરના ફળિયામાં કડબ ઊભી કરી રહ્યા હતા. તે દરમિયાન ઘરની બહાર બજારમાં ગામના રઘુભાઈ મેહુરભાઈ ચૌહાણ, અરવિંદભાઈ દુદાભાઈ ચૌહાણ, ઘનશ્યામભાઈ દુદાભાઈ ચૌહાણ અને ચિંતનભાઈ ઘુઘાભાઈ ચૌહાણ બેસીને જોર-જોરથી વાતો કરી દેકારો કરતા હતા. વિજયભાઈએ તેમને ત્યાંથી જઈને દેકારો નહી કરવા જણાવ્યુ હતું.

આ વાતનું મનદુઃખ રાખીને ગત રાત્રિના દસેક વાગ્યાના અરસામાં જ્યારે વિજયભાઈ તેમના ભાગીયા રઘુભાઈના ઘરે બેઠા હતા ત્યારે રઘુભાઈ મેહુરભાઈ અને અરવિંદભાઈ ત્યાં આવી પહોંચ્યા હતા. તેમણે "ગલે કેમ અમને બજારમાં બેસવાની ના પાડતો હતો, તારા બાપનો રોડ છે?" કહી ભુંડી ગાળો આપી હતી. વિજયભાઈએ ના પાડતા રઘુભાઈએ હાથમાં પહેરેલા કડાનો ઘા ડાબી આંખના નેણ પાસે મારી લોહી લુહાણ કરી દીધા હતા. જ્યારે અરવિંદભાઈ, ઘનશ્યામભાઈ અને ચિંતનભાઈએ ભેગા મળી ઢીકાપાટુનો માર માર્યો હતો અને જો ગામમાં દેકારો કરવાની ના પાડશો તો જાનથી મારી નાખીશું તેવી ધમકી આપી નાસી છૂટ્યા હતા. ઘટના બાદ ઈજાગ્રસ્ત વિજયભાઈને તેમના પિતા અને સબંધી દ્વારા શિહોર સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, આ મામલે શિહોર પોલીસ સ્ટેશને ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# નારી રોડ પર ટ્રકે બાઈક ચાલક યુવાનને કચડી નાખ્યો

## પૂરઝડપે અને બેફિકરાઈથી ટ્રક ચલાવનાર ચાલક વિરુદ્ધ બોરતળાવ પોલીસ મથકે ગુનો દાખલ





તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૨૨

ભાવનગર શહેરના નારી રોડ અવેડા પાસે આવેલા પુલ ઉપર ગત રાત્રિના સમયે પૂરઝડપે આવી રહેલા એક ટ્રક ચાલકે મોટરસાઈકલ સવાર યુવકને જોરદાર ટક્કર મારતા ગંભીર ઈજાઓને કારણે યુવકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ અકસ્માત મામલે મૃતક યુવકના પિતા દ્વારા બોરતળાવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

અકસ્માત અંગેની પ્રાપ્ત માહિતી અનુસાર, ભાવનગરના સરદારનગર વિસ્તારમાં રહેતા મનોજભાઈ જેરામભાઈ ચૌહાણ ઉ.વ.૨૮ ગઈકાલે તા.૨૧ ના રોજ રાત્રિના આશરે સાડા આઠ થી પોણા નવેક વાગ્યાના અરસામાં પોતાની હીરો હોન્ડા સ્પ્લેન્ડર મોટરસાઈકલ (નં. GJ 4 AK 1578) લઈને નારી રોડ પરથી પસાર થઈ રહ્યા હતા.તે દરમિયાન, ટ્રક નંબર GJ 12 AZ 7041 ના ચાલકે પોતાના હવાલાવાળો ટ્રક અત્યંત પૂરઝડપે અને બેફિકરાઈથી ચલાવી મનોજભાઈના મોટરસાઈકલ સાથે ધડાકાભેર અથડાવ્યો હતો. આ ટક્કર એટલી ભયાનક હતી કે મનોજભાઈ ટ્રકના પાછળના ડબલ વ્હીલના જોટા નીચે આવી જતા તેમને માથામાં, ડાબા હાથે અને જમણા પગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ કામકમાટી ભર્યું મોત નીપજ્યું હતું.

ઘટનાની જાણ થતા લોકોના તોલા એકઠા થયા હતા. અને પરિવાર પણ ઘટના સ્થળે દોડી ગયા હતા.બનાવ અંગે મૃતકના પિતા જેરામભાઈ અમરશીભાઈ ચૌહાણ (ઉં.વ. ૬૭)એ સર ટી. હોસ્પિટલ પોલીસ ચોકી ખાતે રૂબરૂમાં જઈને સમગ્ર હકીકત જણાવી હતી. આ મામલે બોરતળાવ પોલીસ મથકે ટ્રક ચાલક વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૨૮૧, ૧૦૬(૧) તથા મોટર વાહન અધિનિયમની કલમ ૧૭૭ અને ૧૮૪ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અકસ્માત સર્જનાર ટ્રક ચાલકને પોલીસે ઝડપી પાડ્યો હોવાનું પણ જાણવા મળ્યું છે.

# ઈંગ્લીશ દારૂના ગુન્હામાં ફરાર આરોપી ઝબ્બે

ભાવનગર,તા.૨૨

ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચના માણસો શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા, તે દરમિયાન ગંગાજળીયા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ પ્રોહિબિશનના ગુન્હામાં પકડવાના બાકી આરોપી અંગે ચોક્કસ બાતમી મળી હતી. બાતમીના આધારે ખારગેટ, શ્રીનાથજી ચેમ્બર્સ પાસેથી આરોપી મહેશ ઉર્ફે મયલો જીવાભાઈ રાઠોડ (ઉ.વ.૪૩, રહે. ચિત્રા, ભાવનગર)ને ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે આરોપી વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી ગંગાજળીયા પોલીસ સ્ટેશન ખાતે સોંપેલ છે. આ સફળ કામગીરી LCB પોલીસ ઈન્સપેક્ટર એચ.બી.ચૌહાણ સાહેબના માર્ગદર્શન હેઠળ PSI આર.એ.વાઢેર, વી.સી.જાડેજા, પી.ડી.ઝાલા તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવી હતી..

# લઠ્ઠાકાંડમાં SMC દ્વારા ૧૫થી વધુ પોલીસ કર્મચારીઓને ગાંધીનગર બોલાવી પૂછતાછ, પોલીસ બેડામાં ખળભળાટ

## તપાસનો વ્યાપ વધતા ગાંધીનગરથી મોટા પગલાં લેવાય તેવી શક્યતા; ડી-સ્ટાફના કર્મચારીઓની તાત્કાલિક અસરથી એસપી દ્વારા ફેરબદલી કરાઈ હોવાના અહેવાલ

ભાવનગર,તા.૨૨

ભાવનગરના ચકચારી લઠ્ઠાકાંડમાં મિથેનોલયુક્ત નકલી દારૂના સેવનથી ૧૩ લોકોના મોત થયા બાદ સમગ્ર પ્રકરણની તપાસ હવે પોલીસ તંત્ર સુધી પહોંચી છે. સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા તપાસના ભાગરૂપે છેલ્લા ત્રણ દિવસમાં ભાવનગરના ૧૫થી વધુ પોલીસ કર્મચારીઓને વરધી મારફતે ગાંધીનગર બોલાવી તેમના નિવેદનો નોંધવામાં આવ્યા હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

આ ગંભીર ઘટનાની તપાસ દરમિયાન SMC દ્વારા બુટલેગરો સામે કડક કાર્યવાહી કરાઈ છે, જેમાં પોલીસ કોન્સ્ટેબલ રાજદીપસિંહ ગોહિલની પણ ધરપકડ કરવામાં આવી હતી. આ ધરપકડ બાદ સમગ્ર મામલે પોલીસની ભૂમિકા અંગે તપાસનો વ્યાપ વધુ વિસ્તર્યો છે. SMC દ્વારા તમામ પાસાંઓની ચકાસણી પૂર્ણ કર્યા બાદ સરકારને આખરી અહેવાલ સુપરત કરવામાં આવશે, જેના આધારે દોષિત કે બેદરકાર કર્મચારીઓ સામે કડક પગલાં લેવાશે તેમ માનવામાં આવી રહ્યું છે.

બીજી તરફ, ભાવનગર જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા શહેર અને જિલ્લાના પોલીસ મથકોમાં ૫ વર્ષથી વધુ સમયથી ડી-સ્ટાફમાં ફરજ બજાવતા ૧૬ જેટલા પોલીસ કર્મચારીઓને તાત્કાલિક અસરથી અન્ય જવાબદારીઓ સોંપી દેવામાં આવી હોવાના અહેવાલ છે. SMCની તપાસના અહેવાલ બાદ ભાવનગર પોલીસ બેડામાં મોટા પાયે બદલીઓ અને ખાતાકીય કાર્યવાહી થાય તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

# મહુવાના બિલડી ગામે જૂની અદાવતમાં યુવક પર પાઈપ, ધોકા અને છરીથી જીવલેણ હુમલો

## પાંચ શખ્સો વિરુદ્ધ મહુવા ગ્રામ્ય પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાઈ

ભાવનગર,તા.૨૨

ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના બિલડી ગામની વાડી વિસ્તારમાં જૂની અદાવતના કારણે એક યુવક પર પાઈપ, ધોકા અને છરી વડે ઘાતકી હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. આ હુમલામાં યુવકને જમણા પગમાં ગંભીર ફેક્ચર જેવી ઈજાઓ થતા તેને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ મામલે ભોગ બનનાર યુવકની ફરિયાદના આધારે પોલીસે પાંચ શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સમગ્ર બનાવ અંગે જાણવા મળતી વિગતો મુજબ બિલડી ગામની વાડી વિસ્તારમાં રહેતા સંજયભાઈ ધનજીભાઈ કવાડ (ઉં.વ. ૨૯) ગઈકાલે સાંજના સમયે ગામની ઘંટીએથી દરણું દળાવીને પોતાની મોટરસાઈકલ લઈ વાડીએ પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન નાનજીભાઈની વાડી પાસે પહોંચતા જ ગામના ભરતભાઈ ધીરુભાઈ ધુધળવા, રસિકભાઈ ધીરુભાઈ ધુધળવા અને વિજયભાઈ ભરતભાઈ ધુધળવાએ રસ્તે રોકી અગાઉ થયેલા ઝઘડાની દાઝ રાખી ગાળાગાળી કરી હતી.

આરોપીઓ પૈકી ભરતભાઈ પાસે લોખંડનો પાઈપ, રસિકભાઈ પાસે લાકડાનો ધોકો અને વિજયભાઈ પાસે છરી હતી. તેમણે સંજયભાઈ પર આડેધડ હુમલો કરી વિજયભાઈએ છરી જમણા પગમાં ગોઠણ નીચે મારી દીધી હતી. તે દરમિયાન અન્ય આરોપીઓ આકાશભાઈ અને વિઠ્ઠલભાઈ જાદવભાઈ ધુંધળવા પણ ત્યાં આવી પહોંચી ઢીકાપાટુનો માર માર્યો હતો. હુમલાખોરોએ ભવિષ્યમાં ગામમાં આવીશ તો જાનથી મારી નાખવાની ધમકી પણ આપી નાશી ગયા હતા.

ઘટના બાદ પરિવારજનોએ ૧૦૮ એમ્બ્યુલન્સની મદદથી ઈજાગ્રસ્ત સંજયભાઈને મહુવા સરકારી હોસ્પિટલ અને બાદમાં વધુ સારવાર માટે હનુમંત હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા, બનાવ અંગે ફરિયાદ નોંધાવતા મહુવા ગ્રામ્ય પોલીસે બી.એન.એસ. કલમ ૧૧૫(૨), ૧૧૭(૨), ૧૧૮(૧), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ તથા જી.પી. એક્ટ ૧૩૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પાલીતાણામાં યાર્ડ પાસેથી વિદેશી દારૂની ૩ બોટલ સાથે શખ્સ ઝબ્બે

ભાવનગર,તા.૨૨

પાલીતાણા ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહિબિશન ડ્રાઈવ અંતર્ગત પેટ્રોલિંગ કરી રહેલી પોલીસ ટીમે તળાજા રોડ માર્કેટીંગ યાર્ડ પાસેથી એક શંકાસ્પદ ઈસમ અજયભાઈ રાજુભાઈ ચૌહાણ (ઉં.વ. ૨૬, રહે. ચુવાળીયાના ઢોરે, જામવાળી દરવાજા, પાલીતાણા)ને ઝડપી પાડ્યો છે. આરોપીની અંગઝડતી લેતા તેના પેન્ટના નેફામાંથી 'બાઈકર બ્લેન્ડેડ વ્હિસ્કી' લખેલી પરપ્રાંતિય (રાજસ્થાન પાસિંગ) ઈંગ્લીશ દારૂની ૧૮૦ મી.લી.ની ૩ કંપની સીલપેક બોટલો કિંમત રૂ. ૯૦૦ મળી આવી હતી.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં પકડાયેલા આરોપી અજય ચૌહાણે કબૂલાત કરી હતી કે આ દારૂનો જથ્થો તેને જામવાળી દરવાજા અંદર દરબારગઢ પાછળ રહેતા જયદિપ ઉર્ફે ભોલો રાજુભાઈ વાઘેલાએ પૂરો પાડ્યો હતો. આ મામલે પાલીતાણા ટાઉન પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ અજયસિંહ નીરૂભા સરવૈયાની ફરિયાદના આધારે પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫(એ)(એ), ૧૧૬-બી અને ૮૧ હેઠળ ગુનો નોંધી રૂ. ૯૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. સમગ્ર કેસની વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ રઘુવીરસિંહ રાજેન્દ્રસિંહ ગોહીલ ચલાવી રહ્યા છે અને ફરાર આરોપી જયદિપ ઉર્ફે ભોલાને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## પાલીતાણા ટાઉન પોલીસની કાર્યવાહી, સપ્લાયરની શોધખોળ

# અધેવાડા TP સ્કીમમાં રોડ પહોળા કરવા સહિત જુદા જુદા ૭ ઠરાવોને મ્યુ. સભામાં મળશે બહાલી

ભાવનગર,તા.૨૨

ભાવનગર મહાનગરપાલિકાની સાધારણ સભા આગામી તા. ૨૯ સપ્ટેમ્બરને મંગળવારે સાંજે ૪:૦૦ કલાકે મહાપાલિકાના હોલ ખાતે મેયરના અધ્યક્ષ સ્થાને મળશે, જેમાં જુદા જુદા કામના ૭ ઠરાવોને મંજૂરી આપવા નિર્ણય કરાશે. આ સભામાં અધેવાડા નગરરચના યોજનામાં રોડ પહોળા કરવા, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં ડાયરેક્ટરની નિમણૂક કરવા તેમજ વિવિધ વિભાગોના લોખંડ સહિતના સ્ક્રેપના નિકાલ જેવા મહત્વના નિર્ણયો લેવામાં આવશે.

મહાપાલિકા હદમાં આવતી ટીપી સ્કીમ નંબર ૧૭ (અધેવાડા) વર્ષ ૨૦૨૧માં મુસદ્દારૂપ નગર રચના યોજના તરીકે મંજૂર થયેલી છે, જેમાં સરકારના નગર રચના અધિકારીની પણ નિમણૂક કરાઈ છે. આ સ્કીમની કામચલાઉ પુનઃરચના અંતર્ગત સરકારના પરિપત્ર મુજબ ૧૨.૦૦ મીટરના રોડના બદલે ૧૮.૦૦ મીટર તથા ૧૫.૦૦ મીટરના રોડના બદલે ૨૧.૦૦ કે ૨૪.૦૦ મીટર પહોળા કરવા અંગે પરામર્શ કરાશે. અગાઉ મંજૂર થયેલા લે-આઉટ કે વેચાયેલા પ્લોટોને આ રસ્તા પહોળા કરવાથી કોઈ અસર ન પહોંચે તે મુજબ સાઈઝમાં ફેરફાર કરવા અંગે અરજદારોની રજૂઆતોની નિયમાનુસાર ચકાસણી કરીને આખરી નિર્ણય કરાશે.

આ ઉપરાંત, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ભાવનગર-ઘોઘા (ચિત્રા-ભાવનગર)ના સ્થાનિક સત્તા મંડળમાં ખાલી પડેલી જગ્યા પર ચૂંટાયેલા નગરસેવકો પૈકી કોઈપણ એક કોર્પોરેટરની ડાયરેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવશે. વહીવટી નિર્ણયો અંતર્ગત ટ્રાન્સપોર્ટ, ગાર્ડન, રોશની અને વોટર વર્કસ વિભાગ હસ્તકના રૂ. ૪૫.૫૪ લાખના ભંગાર (સ્ક્રેપ) નિકાલની ચર્ચા હાથ ધરી આખરી નિર્ણય લેવાશે. તેમજ અટલ બિહારી બાજપાઈ ઓપન એર થિયેટરના દૈનિક ભાડા સંદર્ભે મૂલ્યાંકન કમિટી દ્વારા રૂ. ૩૭,૫૭૬નો અભિપ્રાય અપાયો હતો, પરંતુ સ્ટેન્ડિંગ કમિટીએ રકમ ઘટાડીને મહત્તમ દૈનિક ભાડું રૂ. ૨૦,૦૦૦ કરવાનો ઠરાવ કર્યો હોય, તેને સાધારણ સભામાં આખરી બહાલી અપાશે.

મહાપાલિકાની નવી ટર્મમાં અત્યાર સુધી વિરોધ પક્ષના નેતાની નિમણૂક થઈ ન હોવાથી રજૂઆતની મળતી સત્તાનો ઉપયોગ થઈ શકતો ન હતો, પરંતુ તાજેતરમાં જ વિરોધ પક્ષના નેતાની પસંદગી કરાઈ હોવાથી તેઓ આગામી સભામાં શાસક પક્ષની જેમ જ પોતાની રજૂઆતો કરી શકશે. નવા નિયમો મુજબ શાસક પક્ષના નેતા અને સભ્યો દ્વારા કામગીરીના વખાણ કરાતા મુખ્ય ચર્ચા શુષ્ક રહેતી હોય છે, જ્યારે વિપક્ષ કોંગ્રેસના નગરસેવકો પ્રશ્નોત્તરી તથા સ્ક્રેપ નિકાલ સહિતના પડતર મુદ્દાઓ ઉઠાવીને શાસક ભાજપને ઘેરવાની પૂરી તૈયારી સાથે સભામાં લાંબી ચર્ચા કરશે તેમ જણાઈ રહ્યું છે.

**APMCમાં નવા ડાયરેક્ટરની નિમણૂક, રૂ. ૪૫.૫૪ લાખના સ્ક્રેપ નિકાલ અને ઓપન એર થીયેટરના ભાડા ઘટાડા અંગે નિર્ણયો લેવાશે; વિરોધ પક્ષના નેતાની નિમણૂક બાદ અસરકારક વિરોધની સંભાવના !**

# મહુવામાં વિદેશી દારૂ સાથે બે ઝડપાયા; સપ્લાય કરનાર સામે પણ ગુનો દાખલ

ભાવનગર,તા.૨૨

મહુવા ટાઉન પોલીસ સ્ટેશનનો સ્ટાફ વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતો ત્યારે કુટીર નિવાસ પાસે એક શખ્સ ગેરકાયદેસર વિદેશી દારૂ રાખતો હોવાની ચોક્કસ બાતમી મળી હતી. તેના આધારે પોલીસે પંચો સાથે દરોડો પાડી સ્થળ પરથી મોટરસાઈકલ સાથે દારૂની આપ-લે કરતા બે ઈસમો વિશાલભાઈ વલ્લભભાઈ વાઘેલા (ઉં.વ. ૨૩, રહે. જનતા પ્લોટ-૧, મહુવા) અને ભાવેશભાઈ સીદીભાઈ વાઘેલા (ઉં.વ. ૩૫, રહે. ઉમણીયાવદર, તા. મહુવા)ને પકડી પાડ્યા હતા.

પોલીસે આરોપીઓ પાસેથી રૂ. ૧૦૦ની કિંમતની 'ઓલ સીઝન્સ' ઈંગ્લિશ દારૂની ૧૮૦ મી.લી.ની ૧ બોટલ તથા રૂ. ૧૫,૦૦૦ની કિંમતનું હીરો એચ.એફ.ડીલક્સ બાઈક (નં. GJ-05-FB-8775) મળી કુલ રૂ. ૧૫,૧૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પૂછપરછ દરમિયાન આરોપી વિશાલે કબૂલાત કરી હતી કે તે આ દારૂની બોટલ કિરણભાઈ કાનાભાઈ ચૌહાણ (રહે. કુટીર નિવાસ, મહુવા) પાસેથી વેચાણ કરવા લાવ્યો હતો. આ મામલે કોન્સ્ટેબલ રમેશભાઈ ગોહિલની ફરિયાદના આધારે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી ફરાર કિરણ ચૌહાણની શોધી કાઢવા કાર્યવાહી હાથ ધરી છે.